JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 1/1

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

**ગુણવંત(ઋષિ)** [ઈ.૧૬૪૮ સુધીમાં] : જૈન સાધુ. ૩૫૦ કડીની 'પ્રભાવતી-ચોપાઈ' (લે.ઈ.૧૬૪૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્રા.ત્રિ.]

**ગુણવિજય/ગુણવિજય(ગણિ)** : ગુણવિજયગણિને નામે ૬૧૯ ગ્રંથાગ્રનો 'ધમ્મિલકુમાર-પુણ્યપદ્મમકરન્દ-રાસ' (ર.ઈ.૧૬૨૪) તથા 'સિંહાસનબત્રીસી-ચોપાઈ' (લે.ઈ.૧૬૬૯) નોંધાયેલ છે તેમ જ ગુણવિજયને નામે 'અલ્પબહુત્વ' પરનો બાલાવબોધ, 'જિન-સ્તવન-ચોવીસી' (લે.સં.૧૮મી સદી અનુ.), વિજયદેવસૂરિ વિશેની કેટલીક કૃતિઓ તથા કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવન-સઝાય મળે છે. આ ગુણવિજય કયા છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ:૧; ૩. સઝાયમાળા (પં..)

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કે.શે.]

**ગુણવિજય(ગણિ)–૧** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત કનકવિજયના શિષ્ય. જીવદયાનો વિષય લઈને રચાયેલા એમના દુહા-દેશીબદ્ધ ૧૨૫ કડીના 'કોચરવ્યવહારી-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો વદ ૯; મુ.)માં ખંભાતના સુલતાન પાસેથી ૧૨ ગામનો અધિકાર મેળવી અમારિ પ્રવર્તાવનાર કોચરનું વૃત્તાંત વર્ણવાયું છે. આ ઉપરાંત, આ કવિએ 'પ્રિયંકરનૃપ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, આસો સુદ ૧૩) તથા ૧૭૬/૨૭૬ કડીની '(કાશીદેશાધીશ)જયચંદ્ર/જયતચંદ્ર-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો સુદ ૯)એ કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ઐરાસંગ્રહ:૧(+સં.).

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; □ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કે.શે.]

**ગુણવિજય(વાચક)–૨** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં કમલવિજયના શિષ્ય વિદ્યાવિજયના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૨૧૩ કડીમાં વિજયસિંહસૂરિને આચાર્યપદ મળ્યું ત્યાં સુધીનું વૃત્તાંત, સર્વ આનુષંગિક ઐતિહાસિક માહિતી ગૂંથી લઈને, માંડીને વર્ણવતા એમનો 'વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ-રાસ' (ર. ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, આસો સુદ ૧૦; મુ.) તથા ૫૪ કડીનો 'વિજયસેનસૂરિનિર્વાણ-રાસ/વિજયસેનસૂરિ-સઝાય' એમાંની માહિતીને કારણે નોંધપાત્ર બને છે. આ કવિએ, આ ઉપરાંત, ૯૫ કડીની 'નેમિજિન/નેમીશ્વર-ફાગુ' (ર.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧, વસંત માસ –; મુ.), ૮૪ કડીની '(બંભણવાડમંડન)-મહાવીરફાગ-સ્તવન', 'શીલ-બત્રીસી' (મુ.), 'સાતસોવીસ-જિનનામ/તીર્થંકર-સ્તવન'(ર.ઈ.૧૬૧૨/સં.૧૬૬૮, ચૈત્ર –, રવિવાર) તથા ૧૩ કડીની 'સામાયિક-સઝાય' એ કૃતિઓ રચેલી છે. તેમણે સંસ્કૃતમાં હેમવિજયકૃત અપૂર્ણ 'વિજયપ્રશસ્તિ'માં છેલ્લા ૫ સર્ગો ઉમેરી સમગ્ર પર 'વિજયદીપિકા-ટીકા' (ર.ઈ.૧૬૩૨) તથા 'કલ્પકલ્પલતા-ટીકા' રચેલ છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. ઐસમાલા:૧; ૩. જિસ્તકા-સંદોહ:૧; ૪. જૈઐકાસંચય(+સં.); □ ૫. સ્વાધ્યાય, નવે. ૧૯૮૦ – 'કવિ ગુણવિજયકૃત નેમીશ્વર ફાગુ', સં. કનુભાઈ વ્ર. શેઠ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; □ ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી. [કે.શે.]

**ગુણવિજય–૩** [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં કુંવરવિજયના શિષ્ય. વિજયાણંદસૂરિના રાજ્યકાળ (ઈ.૧૬૨૦–ઈ.૧૬૫૫)માં રચાયેલા ૫ ઢાળ અને ૪૯ કડીના 'ગુણ-મંજરીવરદત્ત/જ્ઞાનપંચમી/સૌભાગ્યપંચમી-સ્તવન' તથા ૧૧ કડીની 'ઋષભદેવ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૨.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કે.શે.]

**ગુણવિજય–૪** [ઈ. ૧૭૫૯ સુધીમાં] : જૈન સાધુ. નયવિજયના શિષ્ય. ૬ કડીના 'સુજાતજિન-સ્તવન' (લે.ઈ.૧૭૫૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કે.શે.]

**ગુણવિજય–૫** [ ] : જૈન સાધુ. જયવિજયના શિષ્ય. ૯ કડીના '(શંખેશ્વર)પાર્શ્વજિન-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [કે.શે.]

**ગુણવિનય** : આ નામે 'નેમિ-ધમાલ', 'પ્રભંજના-સઝાય' વગેરે કોઈક કૃતિઓ નોંધાયેલી છે તે ગુણવિનય–૧ની જ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ: ૧. પ્રાકારૂપરંપરા; □ ૨. લીંહસૂચી; ૩. હજૈજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

**ગુણવિનય(વાચક)–૧** [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ તથા ગદ્યકાર. ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. ક્ષેમરાજ ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય જયસોમના શિષ્ય. 'ખંડપ્રશસ્તિ'ની ટીકા (ર.ઈ.૧૫૮૫) તથા 'જિનરાજસૂરિ-અષ્ટક' (ર.ઈ.૧૬૨૦)નાં રચનાવર્ષોને આધારે કવિનો જીવનકાળ ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધથી ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ સુધીમાં મૂકી શકાય. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ ઈ.૧૫૯૨માં લાહોરમાં અકબરને મળ્યા ત્યારે તેમના શિષ્યવૃંદમાં આ કવિ હતા. ત્યાં ઈ.૧૫૯૩માં એમને વાચનાચાર્યની પદવી આપવામાં આવેલી. એમની નવીનવી કાવ્યરચનાઓ સાંભળીને જહાંગીરે તેમને 'કવિરાજ'નું પદ આપ્યાની માહિતી પણ નોંધાયેલી છે.

'ખંડપ્રશસ્તિ' જેવા કઠિન કાવ્ય ઉપરની ટીકાથી જેમની સાહિ-ત્યિક કારકિર્દીનો આરંભ થતો જણાય છે તેવા આ કવિ સંસ્કૃત ભાષાના પણ મોટા વિદ્વાન હોવાનું દેખાઈ આવે છે. ૧૨૦૦૦ શ્લોકોમાં વિસ્તરતી એમની 'હુંડિકા' (ર.ઈ.૧૬૦૯) જેવી સંગ્રહા-ત્મક કૃતિમાં ૧૫૦થી વધુ ગ્રંથોનો નિર્દેશ છે તે બતાવે છે કે કવિએ જૈન શાસ્ત્રગ્રંથો ઉપરાંત કાવ્યસાહિત્યાદિ અન્ય ગ્રંથોનું પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com